INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨૦-૧૨-૨૦૨૪**

સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના કાળા ખેતરાની ૨,૬૯,૧૭૨ ચો.મી. જમીન પ્રતિ ચો.મી. રૂ. ૧૨૬૦ ના ભાવથી ચુકવવા માટે હાઈવે થી ગામને જોડતા રસ્તા બનાવવા સાબરકાંઠા કલેક્ટર દ્વારા માર્ગ, મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રીને આદેશ કરે છે. બીજીબાજુ તારંગા હિલ - અંબાજી - આબુરોડ ન્યુ બીજી રેલ્વે લાઈન પ્રોજેક્ટ હેઠળ જમીન સંપાદન પેટે જે તે આદિવાસી ખેડૂતોને રૂ. ૩૧ થી રૂ. ૪૫ જેવી નજીવી રકમ પ્રતિ ચો.મી. ચુકવવાનો આદેશ અંગે ભાજપ સરકારની આદિવાસી વિરોધી-ખેડૂત વિરોધ નીતિ અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, જમીન સંપાદન અને પુરતુ વળતર-૨૦૧૩ની કલમ-૨૬ મુજબ મળવા પાત્ર વળતરમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર અલગ અલગ માપદંડથી મોટાપાયે આદિવાસી સમાજના ખેડૂતોને અન્યાય કરી રહી છે. સાબરકાંઠામાં સંયુક્ત જિલ્લા કક્ષાની મુલ્યાંકનસમિતિ દ્વારા કાળોતરા ના પોશીના ના રી.સ.નં. ૧૦૪ (જુ.સ.નં. ૨૮) પૈકી ૨,૬૯,૧૭૨ ચો.મી. જમીન માટે પ્રતિ ચો.મી. ૧૨૬૦/- રૂ. લેખે કલેક્ટરશ્રી સાબરકાંઠાના આદેશથી તેત્રીસ કરોડ એકાણુ લાખ છપ્પન હજાર સાતસો વીસ પુરી રકમ ભરપાઈ કરવા માટે આદેશ થયો છે. બીજીબાજુ આંબા મહુડા, તા. પોશીના જિ. સાબરકાંઠામાં તારંગા હીલ-અંબાજી-આબુરોડ પ્રોજેક્ટ માટે આદિવાસી ખેડૂતોની જમીન સંપાદનમાં પ્રતિ ચો.મી. રૂ. ૩૧/- થી રૂ. ૪૫/- નજીવી રકમ જમીન મુલ્યાંકન સમિતિ દ્વારા જાહેર કરવામાં આવી છે.

જમીન સંપાદનમાં વન વિભાગને ખેડૂતો કરતા ૩૬૦૦ ટકા રૂપિયા ચુકવાશે જ્યારે પોશીના તાલુકાના ખેડૂતોની જમીન જાહેર વ્યવસ્થા માટે એટલે કે રેલ્વે માટે જમીન સંપાદનમાં નજીવુ વળતર સ્પષ્ટપણે અન્યાયકર્તા છે. એક જ જિલ્લાની મુલ્યાંકન સમિતિ, કલેક્ટર, સાબરકાંઠા **એક જ તાલુકાની જમીન, વન વિભાગની જમીનના ભાવ રૂ. ૧૨૬૦/- પ્રતિ ચો.મી. અને આદિવાસી ખેડૂતોની જમીનના પ્રતિ ચો.મી. માત્ર રૂ. ૩૧/- થી રૂ. ૪૫/- આ સ્પષ્ટ પણે સરકારી તંત્રનું ભેદભાવ ભર્યુ વલણ** છે. સાબરકાંઠા જિલ્લાના તા. પોશીનાના આંબા મહુડા, દંત્રાલ, લાખિલા, ચંડાણા, કોલંદ, પેટાછાપરા, લાખિયા ગામની સંપાદિત થયેલ જમીનના જુદા જુદા ૭૭ સર્વે નંબર જેમાં પિયત અને બિન પિયત સમાવેશ થાય છે. ગુજરાતમાં જમીન સંપાદન કાયદા હેઠળ ખેડૂતોને ભારોભાર અન્યાય થઈ રહ્યો છે. જે અંગે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ખેડબ્રહ્માના કોંગ્રેસ પક્ષના ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરીએ તંત્ર સમક્ષ ખેડૂતોને ન્યાય મળે તે માટે લેખિતમાં રજુઆત કરી છે. **ભાજપ સરકાર ખેડૂતોની ખેતી છીનવીને ખેત મજદૂર બનાવવા એક પછી એક નિર્ણય કરી રહી છે** ત્યારે આગામી સમયમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ખેડૂતોને અને ખાસ કરીને આદિવાસી સમાજને યોગ્ય વળતર નહીં ચુકવાય તો કોંગ્રેસ પક્ષ આંદોલનાત્મક કાર્યક્રમ આપશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

નોંધઃ સંપાદન માટેના કલેક્ટરશ્રીના આદેશનની નકલ આપશ્રીને ઈ-મેઈલ કરેલ છે.